# આવાહન સ્તુતિ શ્લોક

અક્ષરધામના જે અહો અધિપતિ સહજાનંદ શ્રીહરિ,
સર્વાંતર્યામી સદા સકલના સર્વજ્ઞ સર્વોપરી,
માયા કાળ રવિ શશી સૂરગણે જેની શિરાજ્ઞા ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે વંદું ભાવ ઉર ભરી. ॥૧॥

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદજી, પુરુષોત્તમ શ્રીહરિ,
અક્ષર-પુરુષોત્તમ ઉપાસ્ય સ્વરૂપ શાશ્વત કૃપાએ કરી,
અક્ષર-પુરુષોત્તમ મનુજ કૃતિમાં સાકાર રૂપ ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે વંદું ભાવ ઉર ભરી. ॥૨॥

વંદન પ્રાગજી ભક્તને નમું સદા જાગાજી, કૃષ્ણજીને,
વંદન યજ્ઞપુરુષદાસ ગુરુજી યોગી મહારાજને,
અક્ષરપુરુષોત્તમ સ્વરૂપ સઘળાં સાકાર રૂપ ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે વંદું ભાવ ઉર ભરી. ॥૩॥

# પ્રાર્થના સમાપન શ્લોક

અક્ષર છું હું દેહ નહીં આત્મા રૂપે ભક્તિ કરું સર્વદા,
પુરુષોત્તમ પ્રગટ જે ગુરુહરિ દાસ હું તેનો સદા;
છે સંબંધી પ્રભુ તણાં સર્વ જે નિર્દોષ દિવ્ય સદા,
યાચું સેવા ભક્તિ ભક્તો તણી ગુણ ગ્રહી સર્વદા. ॥૪॥

~ સાધુ મનોજદાસ

અનુપમ મિશન www.anoopam.org